# વેકેશનમાં UP-MP માટે 5 વિશેષ ટ્રેન

**આગામી** દિવસોમાં ઉનાળું વેકેશન હોવાના કારણે પશ્ચિમ રેલવે દ્વારા આ મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો

સુરત : ઉનાળુ વેકેશનમાં ઉત્તર ભારત તરફ જનારા મુસાફરોનો ભારે ધસારો જોતા પશ્ચિમ રેલવેએ મોટી રાહત જાહેર કરી છે. બાંદ્રા ટર્મિનસ અને વલસાડથી ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશ ના વિવિધ શહેરોને જોડતી 5 નવી સ્પેશિયલ ટ્રેનો ની કુલ 150 ટ્રિપ્સ દોડાવવાનો નિર્ણય લેવાયો છે. રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકના જણાવ્યા મુજબ, આ ટ્રેનનું બુકિંગ 31 માર્ચ, 2026 થી શરૂ થઈ જશે.

ઉનાળુ વેકેશનમાં ટ્રેનોમાં ધસારો વધુ હોય પશ્ચિમ રેલવે દ્વારા વિશેષ ટ્રેનોની જાહેરાત કરવામાં આવતા મુસાફરોને ટ્રેનની પ્રાપ્યતામાં વધારો થશે.

### બાંદ્રા ટર્મિનસ - આઝમગઢ સુપરફાસ્ટ (05184/05183)

બાંદ્રાથી દર સોમવારે (10:45 વાગ્યે) 6 એપ્રિલથી 13 જુલાઈ સુધી. આઝમગઢથી દર શનિવારે (23:15 વાગ્યે) 4 એપ્રિલથી 11 જુલાઈ સુધી. આ ટ્રેન સુરત, વડોદરા, રતલામ, કોટા, આગ્રા ઇદગાહ, પ્રયાગરાજ, બનારસ, મઉ સહિતના સ્ટેશન ઉપર ઊભી રહેશે. આ ટ્રેનમા AC 3 (ઇકોનોમી), સ્લીપર અને જનરલ કોચ હશે.

### બાંદ્રા ટર્મિનસ - ગોમતી નગર (લખનૌ) (05034/05033)

બાંદ્રાથી દર મંગળવારે (23:00 વાગ્યે) 7 એપ્રિલથી 14 જુલાઈ સુધી. ગોમતી નગરથી દર સોમવારે (02:00 વાગ્યે) 6 એપ્રિલથી 13 જુલાઈ સુધી.આ ટ્રેન વલસાડ, વાપી, સુરત, વડોદરા, રતલામ, કોટા, આગ્રા ઇદગાહ, ઇટાવા, કાનપુર સેન્ટ્રલ સહિતના સ્ટેશન ઉપર ઊભી રહેશે. આ ટ્રેન AC 2, AC 3, સ્લીપર અને જનરલ સહિતના કોચ સાથે દોડશે.

### બાંદ્રા ટર્મિનસ -સુબેદારગંજ (04126/04125)

બાંદ્રાથી દર મંગળવારે (11:15 વાગ્યે) 7 એપ્રિલથી 14 જુલાઈ સુધી. સુબેદારગંજથી દર સોમવારે (05:20 વાગ્યે) 6 એપ્રિલથી 13 જુલાઈ સુધી.આ ટ્રેન સુરત, વડોદરા, રતલામ, કોટા, સવાઈ માધોપુર, ભરતપુર નજીક બયાના, આગ્રા ઇદગાહ, ટુંડલા, કાનપુર પાસે ગોવિંદપુરી સહિતના સ્ટેશન ઉપર ઊભી રહેશે. આ ટ્રેન AC 2, AC 3, સ્લીપર અને જનરલ કોચા સાથે દોડશે.

### બાંદ્રા ટર્મિનસ-વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી

બાંદ્રાથી દર શનિવારે (05:10 વાગ્યે) 4 એપ્રિલથી 11 જુલાઈ સુધી. ઝાંસીથી દર ગુરુવારે (16:50 વાગ્યે) 2 એપ્રિલથી 9 જુલાઈ સુધી.આ ટ્રેન બોરીવલી, વાપી, સુરત, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ, ઉજ્જૈન, ગુના, ગ્વાલિયર. સહિતના સ્ટેશન ઉપરા ઊભી રહેશે.આ ટ્રેનમાં AC 2, AC 3, સ્લીપર અને જનરલ કોચા સાથે દોડશે.

### વલસાડ- મઉ સ્પેશિયલ

વલસાડથી દર રવિવારે (15:10 વાગ્યે) 5 એપ્રિલથી 12 જુલાઈ સુધી.માઉથી દર શનિવારે (03:45 વાગ્યે) 4 એપ્રિલથી 11 જુલાઈ સુધી. આ ટ્રેન સુરત, વડોદરા, રતલામ, કોટા, આગ્રા ઇદગાહ, કાનપુર, લખનૌ, ગોરખપુર, દેવરિયા સદર સહિતના સ્ટેશન ઉપર ઊભી રહેશે. અઅ ટ્રેનમાં AC 2, AC 3, સ્લીપર અને જનરલ સહિતના કોચ હશે.

## ચોરાયેલી ઓટો રિક્ષા સાથે બે ઝડપાયા

સુરત : ગત તા. ૨૫/૦૩/૨૦૨૬ના રોજ ઉધના મસ્તાનનગરની સામે જાહેર રોડ પર પાર્ક કરેલી GJ-05-ZZ-3285 નંબરની બ્લેક અને પીળા કલરની બજાજ ઓટોરીક્ષા (કિંમત રૂપિયા ૩૫,૦૦૦)ની ચોરી થઈ હતી. અજાણ્યા શખ્સો ડુપ્લીકેટ ચાવી અથવા લોક તોડી રીક્ષા હંકારી ગયા હતા. જે અંગે ઉધના પોલીસ મથકમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૩૦૩(૨) મુજબ ગુનો નોંધાયો હતો. ઉધના પી.આઈના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. સીસીટીવી ફૂટેજ તપાસતા અને બાતમીદારોને સક્રિય કરતા પોલીસને સફળતા મળી હતી. જેમાં પકડાયેલા આરોપીઓમાં સાહિલ ઉર્ફે મામા રફીક શેખ (ઉ.વ. ૨૯ રહે. મસ્તાનનગર, ઉધના મૂળ જલગાંવ, મહારાષ્ટ્ર) અને શાહરૂખ ઉર્ફે લાલા રજાક પટેલ (ઉ.વ. ૩૪ રહે. મસ્તાનનગર, ઉધના) નો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીની રીક્ષા કબજે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રેમન્ડ ગ્રુપના ભૂતપૂર્વ ચેરમેન વિજયપત સિંઘાનિયાનું નિધન

# સુરતની પ્રથમ એરલાઇન સફારી સિંઘાનિયા એ શરૂ કરી હતી

**સફારી** એરવેઝની મુંબઈથી સુરતની અને સુરતથી ભાવનગરની ટિકિટ 35 થી 38 રૂપિયામાં વેચાતી હતી

સુરતઃ રેમન્ડ ગ્રુપના ભૂતપૂર્વ ચેરમેન અને એક મહાન પાયલટ વિજયપત સિંઘાનિયાનું શનિવાર, 28 માર્ચ 2026 ના રોજ મુંબઈમાં 87 વર્ષની વયે અવસાન થયું હતું. આજે રવિવારે તેઓની મુંબઈ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા..ટેક્સટાઈલ ઉદ્યોગકાર અને પાયલટ વિજયપત સિંઘાનિયાનો સુરત સાથેનું એક ખાસ કનેક્શન હતું. સુરત એરપોર્ટ સાથેનો સંબંધ તેમના શરૂઆતના વ્યવસાય અને ઉડ્ડયન કારકિર્દીમાં ઊંડે સુધી મૂળ ધરાવે છે.

1970 ના દાયકાની શરૂઆતમાં, સિંઘાનિયા સફારી એરવેઝની માલિકી ધરાવતા હતા, જે સુરત એરપોર્ટથી સંચાલન કરનારી પ્રથમ એરલાઇન હતી.એ રીતે સુરતના પ્રારંભિક ઉડ્ડયનને આકાર આપવામાં તેમની ભૂમિકા ઇતિહાસનો એક રસપ્રદ ભાગ છે.આધુનિક ટર્મિનલ અસ્તિત્વમાં આવ્યાના ઘણા સમય પહેલા, વિજયપત સિંઘાનિયા સુરતને હવાઈ નકશા પર મૂકનાર પ્રણેતા હતા. 1970 ના દાયકામાં સુરત ટેક્સટાઈલ સિટી તરીકે જાણીતું બન્યું અને ગુજરાતનું એક મુખ્ય વેપાર કેન્દ્ર તરીકે નામના મેળવી રહ્યું હતું ત્યારે 1970 ના દાયકાની શરૂઆતમાં, તેની પાસે કોઈ સુનિશ્ચિત હવાઈ જોડાણ નહોતું. વિજયપત સિંઘાનિયાએ સફારી એરવેઝ શરૂ કરીને તે બદલી નાખ્યું. તેમણે સુરત - ભાવનગર - બોમ્બે (મુંબઈ) ને જોડતી નિયમિત કમ્યુટર સેવા ચલાવી હતી.સફારી એરવેઝની મુંબઈથી સુરતની અને સુરતથી ભાવનગરની ટિકિટ 35 થી 38 રૂપિયામાં વેચાતી હતી.

સિંઘાનિયાની એરલાઇન સફારી એરવેઝ સુરત, બોમ્બે (મુંબઈ) અને ભાવનગર વચ્ચે સેવાઓ ચલાવવા માટે નાના વિમાનોનો ઉપયોગ કરતી હતી, જેમાં ખાસ કરીને ડગ્લાસ ડીસી-3 ડાકોટા (VT-CEB)નો ઉપયોગ કરતી હતી. સુરત એરપોર્ટ પર તેમની સાથે સંકળાયેલું સૌથી પ્રતિષ્ઠિત વિમાન ડગ્લાસ ડીસી-3 ડાકોટા (નોંધણીઃ VT-CEB) હતું. આ ટ્વીન-એન્જિન પ્રોપેલર પ્લેન તે યુગનું વર્કહોર્સ હતું. એક કાપડ ઉદ્યોગપતિ તરીકે, તેમણે પોતે સ્વીકાર્યું કે સુરતના હીરા અને કાપડ ઉદ્યોગપતિઓને બોમ્બેના બજારોમાં ઝડપી પ્રવેશની જરૂર છે.

### વિજયપત સિંઘાનિયા મુંબઈથી જાતે વિમાન ઉડાડી સુરત એરપોર્ટ આવતા.

વિજયપત સિંઘાનિયા ફક્ત એરલાઇનના માલિક નહોતા,તેઓ એક ઉત્સાહી પાઇલટ હતા જે વારંવાર સુરતમાં પોતાનું વિમાન ઉડાડતા હતા. એરપોર્ટ પરના જૂના સમયના લોકો ઘણીવાર તેમને તેમના ખાનગી વિમાનો ઉતારતા અને સ્થાનિક ગ્રાઉન્ડ ક્રૂ સાથે વાતચીત કરતા યાદ કરે છે.સુરત સાથે તેમનો સંબંધ ફક્ત વ્યવસાય વિશે નહોતો, તે કોકપીટ પ્રત્યેના તેમના વ્યક્તિગત પ્રેમ વિશે હતો. તેમના પછીના વર્ષોમાં પણ, તેઓ ઘણીવાર તેમના ખાનગી જેટ સાથે અથવા તેમના રેકોર્ડ-બ્રેકિંગ માઇક્રોલાઇટ તાલીમ સત્રો દરમિયાન સુરત એરપોર્ટ પર જોવા મળતા હતા.સુરત એરપોર્ટ તેઓ પોતાની માલિકીના ડાકોટા વિમાન લઈ લેન્ડ થતા હતા.

### 70 ના દાયકામાં સુરત એરપોર્ટની એર

એરસ્ટ્રીપ અપગ્રેડ કરાવવાનો શ્રેય પણ સિંઘાનિયાને અપાય છે. સુરતથી વિશ્વસનીય સેવા ચલાવવાના તેમના આગ્રહને કારણે સરકારને એરસ્ટ્રીપની જાળવણી અને આખરે અપગ્રેડ કરવા માટે દબાણ કરવામાં આવ્યું, જેનાથી આજે જે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ છે તેનો પાયો નાખ્યો હતો.સુરત એરપોર્ટની એર એરસ્ટ્રીપ અપગ્રેડ કરાવવાનો શ્રેય પણ વિજયપત સિંઘાનિયાને અપાય છે. 1990 અને 2000ના દાયકાની શરૂઆતમાં સુરત એરપોર્ટ પર જ્યારે સુવિધાઓ મર્યાદિત હતી, ત્યારે પણ તેમના જેવા દિગ્ગજ ઉદ્યોગપતિઓનું આગમન શહેરના ઔદ્યોગિક મહત્વને દર્શાવતું હતું. સિંઘાનિયાએ જ્યારે હોટ એર બલૂનમાં સૌથી વધુ ઊંચાઈએ ઉડવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો અથવા લંડનથી ભારત સુધી સોલો ફ્લાઈટ કરી, ત્યારે તે સમયગાળા દરમિયાન પણ તેઓ ઉડ્ડયન ક્ષેત્રે સુરતના પાઇલટ્સ અને એરપોર્ટ ઓથોરિટી સાથે સંપર્કમાં રહ્યા હતા.

### સુરતથી ઉડાન ભરનારી પ્રથમ કોમર્શિયલ ફ્લાઇટમાં સિંઘાનિયા સાથે આ મહાનુભાવો હતા

ઉદ્યોગકાર અને પાયલટ વિજયપત સિંઘાનિયા દ્વારા ઉડાવવામાં આવેલી સુરત એરપોર્ટથી સફારી એરવેઝની પહેલી ફ્લાઇટ રાજ્યપાલ નારાયણને સુરતથી અમદાવાદ લઈ ગઈ. 40 સીટર વિમાનમાં સુરતના એવા સન્માનિત લોકો હતા જેમણે સુરતમાં વાણિજ્યિક હવાઈ સુવિધાઓનું સ્વપ્ન જોયું હતું. તેમાં પ્રવિણકાંત રેશમવાલા (ગુજરાતમિત્ર પ્રેસ), રજનીકાંત ઠક્કર (ગુજરાત ફ્લાઈંગ ક્લબના અધ્યક્ષ), માણેક ગ્યારા, ચંદ્રકાંત પુરોહિત (ગુજરાતમિત્ર પ્રેસ), શ્યામભાઈ વેદ, રૂમેન્દ્ર મહેતા, શ્રી તરુણ દવે (સચિવ-ગુજરાત ફ્લાઈંગ ક્લબ), રમણભાઈ જરીવાલા, ડીસી શાહ, દેવેન્દ્ર શાસ્ત્રી અને અન્ય લોકોનો સમાવેશ થાય છે. ગુજરાતના મુખ્યમંત્રી ઘનશ્યામભાઈ ઓઝા હતા ત્યારે, સફારી એરવેઝ દ્વારા સુરતથી ભાવનગર સુધીની પ્રથમ વ્યાપારી ફ્લાઇટ બરોડા રેયોનના વિનય શાહ અને રેમન્ડ્સના વિજયપત સિંઘાનિયાના પ્રયાસોથી શરૂ કરવામાં આવી હતી. ભાવનગર અને મુંબઈને સુરત સાથે જોડતી અને વ્યાપારી રીતે શરૂ થયેલી સફારી એરવેઝની ફ્લાઇટ ત્રણ વર્ષ સુધી ચાલી હતી, ત્યારબાદ તે બંધ થઈ ગઈ હતી.

# GUJCETના ત્રણેય વિષયોના પેપર NCERT આધારિત રહ્યા

**કેમિસ્ટ્રીમાં** ઓર્ગેનિક કેમિસ્ટ્રીમાંથી સૌથી વધુ પ્રશ્નો પૂછાયા, 96.58 ટકા હાજરી

**ફિઝિક્સમાં** 22 પ્રશ્નો સરળ, 13 મધ્યમ અને 5 પ્રશ્નો અઘરા રહ્યા

સુરતઃ ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (GUJCET) 2026 આજે સુરત શહેરમાં શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી. આ પરીક્ષામાં કુલ 20,129 વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી 608 વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા. પરિણામે કુલ 19,521 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. સમગ્ર શહેરમાં વિવિધ પરીક્ષા કેન્દ્રો પર સુચારૂ આયોજન સાથે પરીક્ષા પૂર્ણ થઈ હતી. 96.58 ટકા હાજરી રહી હતી.

કેમિસ્ટ્રી વિષયનું પ્રશ્નપત્ર સંપૂર્ણપણે NCERT આધારિત રહ્યું હતું. પ્રશ્નો મુખ્યત્વે ડાયરેક્ટ કોન્સેપ્ટ અને ફેક્ટબેઝ્ડ હોવાથી, સારા રીતે તૈયારી કરનારા વિદ્યાર્થીઓ માટે પેપર સરળ સાબિત થયું હતું. વિષયવાર વિતરણ મુજબ ઓર્ગેનિક કેમિસ્ટ્રી માંથી સૌથી વધુ પ્રશ્નો પૂછાયા હતા, જ્યારે ફિઝીકલ અને ઈનઓર્ગેનિક કેમિસ્ટ્રીનો પણ યોગ્ય સમાવેશ રહ્યો હતો. ખાસ કરીને ઈનઓર્ગેનિક કેમિસ્ટ્રી વિભાગમાં સીધા NCERT પરથી પ્રશ્નો પૂછાતા વિદ્યાર્થીઓને સરળતા અનુભવાઈ હતી. પેપરનું કુલ સ્તર ઈઝી ટુ મોડરેટ રહ્યું હતું. માત્ર 2થી 3 પ્રશ્નો થોડા ટ્રીકી હતા, જે વિદ્યાર્થીઓની કન્સેપ્ટલ અન્ડરસ્ટેન્ડીંગ પર આધારિત હતા. આ પેપર દ્વારા ફરી એકવાર સ્પષ્ટ થયું છે કે NCERT ટેક્ષબુકની લાઈન ટુ લાઈન તૈયારી ખૂબ જ જરૂરી છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઘણા વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે પેપર NCERT આધારિત અને અનુમાન મુજબનું રહ્યું હતું. સારી તૈયારી કરનારાઓ માટે ત્રણેય વિષયોમાં સારો સ્કોર મેળવવાની પૂરતી તક મળી છે.

### ફિઝિક્સ પેપરઃ ગણતરી અને સૂત્ર પર ભાર

ફિઝિક્સનું પ્રશ્નપત્ર પણ NCERT આધારિત હતું અને તેમાં થીયરી તથા ફોર્મુલા બેઝ્ડ પ્રશ્નોનું સારો સમન્વય જોવા મળ્યો હતો. ખાસ કરીને નંબરીકલ પ્રશ્નોનું પ્રમાણ વધુ હતું, જેના કારણે વિદ્યાર્થીઓ માટે સમય વ્યવસ્થાપન મહત્વપૂર્ણ બન્યું. મુશ્કેલી સ્તર મુજબ 22 પ્રશ્નો સરળ, 13 મધ્યમ અને 5 પ્રશ્નો અઘરા રહ્યા હતા. પેપર ઓવરઓલ સારૂ હતું. જે વિદ્યાર્થીઓ પાસે ફોર્મુલા અને કન્સેપ્ટ બંનેની સારી સમજ હતી, તેમના માટે આ પેપર સ્કોરિંગ સાબિત થયું.

**પરીક્ષાની સ્થિતિ**

| | |
|---|---|
| નોંધાયેલા વિદ્યાર્થી | 20,129 |
| ગેરહાજર વિદ્યાર્થી | 608 |
| હાજર વિદ્યાર્થી વિદ્યાર્થી | 19,521 |
| કુલ હાજરી | 96.58 ટકા |

### બાયોલોજી પેપરઃ વિવિધ પ્રકારના પ્રશ્નો સાથે સંતુલિત પેપર

બાયોલોજી વિષયનું પ્રશ્નપત્ર સંપૂર્ણપણે NCERT આધારિત અને સારી રીતે સંતુલિત રહ્યું હતું. કુલ 40 MCQ માં વિવિધ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમાં આકૃતિ આધારિત, જોડકા, વિધાન-કારણ, સાચા-ખોટા અને આંકડાકીય માહિતી આધારિત પ્રશ્નોનો સમાવેશ થયો હતો. મુશ્કેલી સ્તર મુજબ 28 પ્રશ્નો સરળ, 9 મધ્યમ અને 3 અઘરા રહ્યા હતા. અઘરા પ્રશ્નોમાંથી 2 પ્રશ્નો NCERT ના ડાયગ્રામ અને ચાર્ટ આધારિત હતા, જ્યારે 1 પ્રશ્ન NCERT પ્લસ લેવલનો રહ્યો હતો, જે થોડો પડકારજનક સાબિત થયો.

# 17 વર્ષ બાદ કામરેજ-ચલથાણ નેશનલ હાઈવે 48 બનશે 6 લેન

**રૂ.686** કરોડના પ્રોજેક્ટથી ટ્રાફિકજામમાં અને અકસ્માતોમાં પણ ઘટાડો થશે

**1.30** લાખ વાહનોના દબાણવાળા કોરિડોરમાં સર્વિસ રોડ અને અંડરપાસથી સરળ બનશે અવરજવર

સુરત, કામરેજઃ સુરત જિલ્લાના સૌથી વ્યસ્ત નેશનલ હાઈવે-48ના કામરેજ-ચલથાણ લગભગ 17 વર્ષ બાદ આ 13.875 કિમીના સેકશનને 4 લેનમાંથી 6 લેનમાં અપગ્રેડ કરવાની મંજૂરી મળતા વાહનચાલકોને મોટી રાહત મળશે.

આ પ્રોજેક્ટ માટે કુલ રૂ.686.15 કરોડનો ખર્ચ થવાનો છે, જેમાં માર્ગને વિસ્તૃત કરવાની સાથે બંને બાજુ સર્વિસ રોડ પણ બનાવવામાં આવશે. હાલ આ સેકશન 4 લેનનો હોવાથી ભારે ટ્રાફિકના કારણે વારંવાર જામ અને અકસ્માતોની સમસ્યા ઊભી થાય છે. હાલમાં આ માર્ગ પરથી દરરોજ અંદાજે 1.30 લાખથી વધુ વાહનો પસાર થાય છે, જ્યારે મૂળભૂત રીતે આ માર્ગ 2009માં માત્ર 90 હજાર વાહનોની ક્ષમતા માટે બનાવાયો હતો. વધતા ટ્રાફિકના કારણે અહીં બોટલનેક જેવી પરિસ્થિતિ સર્જાઈ રહી હતી, ખાસ કરીને કામરેજ અને કડોદરા જેવા મુખ્ય જોડાણબિંદુઓ પર આ સ્થિતિ હતી.

નવી યોજના હેઠળ રસ્તાને 6 લેનમાં ફેરવવાથી ટ્રાફિકનું વિતરણ સરળ બનશે અને સંકુચિત ભાગ દૂર થતાં લાંબા સમય સુધી રહેતા ટ્રાફિકજામમાં નોંધપાત્ર ઘટાડો થશે. ઉપરાંત, આ સેકશનમાં 2 વ્હીકલ અંડરપાસ બનાવવામાં આવશે, જેના કારણે સ્થાનિક વાહનવ્યવહાર અને હાઈવે ટ્રાફિકને અલગ કરી શકાશે. પ્રોજેક્ટ ડિરેક્ટર સંજય યાદવના જણાવ્યા મુજબ, ખાસ કરીને મોન્સૂન દરમિયાન સર્જાતા ટ્રાફિકજામમાં આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ સાબિત થશે.

યુધ્ધ સંઘર્ષ અને વૈશ્વિક કટોકટીની પરિસ્થિતિને ધ્યાને લઈને

# નાયબ મુખ્યમંત્રીની દ.ગુ.ના ઉદ્યોગ પ્રતિનિધિઓ સાથે બેઠક

**કામદારોને** પાંચ કિલો ગેસ સિલિન્ડર પૂરતા પ્રમાણમાં મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છેઃ હર્ષ સંઘવી



સુરતઃ મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ સંઘર્ષ અને વૈશ્વિક કટોકટીની પરિસ્થિતિને ધ્યાને લઈને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને સુરતના ICC સેન્ટર ખાતે સુરત તેમજ અંકલેશ્વર, વાપી, ભરૂચ સહિતની દક્ષિણ ગુજરાતના વિવિધ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે કામદારો, ગેસ સપ્લાયને લગતા પ્રશ્નો બાબતે ઉચ્ચતરીય સમીક્ષા બેઠક યોજાઇ હતી. બેઠકમાં ઉદ્યોગ મંડળો અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે ગેસ સપ્લાય અને કારીગરોની વ્યવસ્થાઓ જેવા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજ્યમાં હાલમાં ગેસ, પેટ્રોલ, ડિઝલ સહિતની આવશ્યક ચીજવસ્તુઓનો પુરતો પુરવઠો ઉપલબ્ધ છે. પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ પુરવઠાની સપ્લાય કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, જે સ્થળોએ પી.એન.જી. કનેક્શનો હોય અને લોકો એલ.પી.જીનો ઉપયોગ કરતા હોય તેઓને ઝડપથી પી.એન.જી. કનેક્શનો આપવા માટે ગુજરાત ગેસ કંપનીની અધિકારીઓને જણાવ્યું હતું. આ ઉપરાંત ગેસ કંપનીની મેઈન લાઈનોની નજીકના સ્થળોને સત્વરે કનેક્શનો પુરા પાડવા જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી દર્શન શાહે ભારત સરકારની ગાઈડલાઈન મુજબ હાલમાં એલ.પી.જી. ગેસ જથ્થાની ઘરેલુ, શૈક્ષણિક, હોસ્પિટલ, ઈન્ડસ્ટ્રિઝને કરવામાં આવતી સપ્લાયની વિગતો રજુ કરી હતી. બેઠકમાં વિવિધ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓએ પોતાની રજુઆતો કરી હતી. બેઠકમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્મા, એમ.એસ. એમ.ઈ.ના કમિશનર કે.સી. સંપથ, જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધી તથા વિવિધ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કાળાબજાર કરનારાઓ પર નજર રાખવા દરેક જિલ્લામાં અલગ ટુકડીઓ બનાવવામાં આવી

બેઠક પછી પત્રકારોને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, અફવાઓને કારણે કારીગરોમાં ડર પેદા ન થાય તે માટે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ મંડળો દ્વારા ઇન્ડસ્ટ્રિયલ કિચન અને ભંડારાઓ દ્વારા શ્રમિકોને ભોજન પીરસવામાં આવી રહ્યું છે જે સરાહનીય છે. પાંડેસરા, વાપી, અંકલેશ્વર અને દહેજ જેવા વિસ્તારોની ઇન્ડસ્ટ્રીઝ દ્વારા કારીગરો માટે રહેવા-જમવાની વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. સરકાર દ્વારા કારીગરો માટે પાંચ કિલોગ્રામના ગેસ સિલિન્ડરની પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા પર ફેલાતી ભ્રામક વાતો કે અફવાઓ પર વિશ્વાસ ન કરવા અને કોઈપણ માહિતી સરકારી વિભાગ જોડે ટેલી કરવા જણાવ્યું હતું. લોકોને ગેરમાર્ગે દોરે તેવી કોઈ પણ ખોટી માહિતીને સમજયા વિના ફોરવર્ડ કરનાર વિરૂધ્ધ ગુનાઓ દાખલ કરવામાં આવશે તેમ નાયબ મુખ્યમંત્રીએ કહ્યું હતું. નાયબ મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું હતું કે, કાળાબજાર કરનારાઓ પર નજર રાખવા માટે દરેક જિલ્લામાં અલગ ટુકડીઓ બનાવવામાં આવી છે. જો કોઈ ગેસ બોટલ, પેટ્રોલ-ડીઝલ કે જીવન જરૂરિયાતની વસ્તુઓના કાળાબજાર કરશે, તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. સુરત અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૧૮ જેટલા કોમ્યુનિટી કિચન (ઇન્ડસ્ટ્રિયલ કેન્ટીન) કાર્યરત કરવામાં આવ્યા છે. ગુજરાત દેશનું રોલ મોડલ છે અને તમામ વેપારીઓ તથા ઇન્ડસ્ટ્રીઝ સરકાર સાથે મળીને પરિસ્થિતિને થાળે પાડવા માટે કામ કરી હોવાનું જણાવ્યું હતું.

# નાયલોન યાર્ન પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી મુદ્દે વિવાદ વધુ ઉગ્ર બન્યો

**DGTRનો** સ્પીનર્સ પક્ષે ચૂકાદોઃ વીવર્સોમાં ઉકળાટ, નાણા મંત્રાલય સુધી પહોંચ્યો મુદ્દો

**એક** તરફી ન્યાયપ્રણાલીનો આક્ષેપ, ગત વર્ષની મજબૂત આર્થિક સ્થિતિ,ટેક્નિકલ મુદ્દાઓ અવગણાયા હોવાની ફરિયાદ

સુરતઃ સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગમાં નાયલોન યાર્ન પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી (ADD) મુદ્દે વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝ (DGTR) દ્વારા સ્પીનર્સોના પક્ષે આપવામાં આવેલા અંતિમ ફાઈન્ડિંગ્સ સામે વીવર્સોમાં ભારે નારાજગી ફેલાઈ છે. વીવર્સ સંગઠનોએ હવે કેન્દ્રીય નાણા મંત્રાલયમાં સીધી રજૂઆત કરીને DGTR પર એકતરફી ન્યાયપ્રણાલી અપનાવવાનો ગંભીર આક્ષેપ કર્યો છે.

સચિન ઈન્ડ. સોસાયટીના સેક્રેટરી મયૂર ગોળવાલા, નાયલોન વીવર એસો.ના પ્રમુખ મયૂર ચેવલી અને વેડરોડ વીવર્સ એસો.ના પ્રમુખ ભૂપેન્દ્ર ચ્હાવાલા સહિતના અગ્રણીઓએ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન તેમજ સંબંધિત અધિકારીઓને વિગતવાર રજૂઆત કરી છે. તેઓએ DGTR દ્વારા અપાયેલા ચૂકાદા સામે આંકડાકીય પુરાવાઓ સાથે વાંધો ઉઠાવ્યો છે. નાયલોન વિવર્સ એસો. સુરત સહિત 13 સંગઠનોએ નાણાં મંત્રાલયના નોટિફિકેશન પેહલા DGTR ની ભલામણ દફતરે કરવા માંગ કરી છે. વીવર્સોના કહેવા મુજબ, હાલ બજારમાં યાર્નની તીવ્ર અછત હોવા છતાં સ્પીનર્સો ઉત્પાદન વધારવાના પ્રયાસમાં છે, જે દર્શાવે છે કે તેઓને કોઈ નુકસાન નથી. તેમ છતાં ADD લાગુ કરવાની ભલામણ કરવી ઉદ્યોગ માટે નુકસાનકારક ગણાવવામાં આવી રહી છે.

### વીવર્સોએ ગુણવત્તા મુદ્દાઓ પણ ઉઠાવ્યા

બોબીનની લંબાઈ અને વજનમાં અસમાનતા જેવા પુરાવાઓ રજૂ કર્યા હોવા છતાં DGTRએ તેને અવગણ્યા હોવાનો આરોપ છે. સાથે જ આયાતી યાર્નના ભાવમાં વધુ વધારો થયો હોવા છતાં સ્થાનિક ઉત્પાદકોને ભાવ વધારવાની પૂરતી તક હોવા છતાં તેનો વિચાર ન કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું છે. જોકે DGTRનો ચૂકાદો અંતિમ નથી. કેન્દ્ર સરકાર દ્વારા 90 દિવસમાં અંતિમ નિર્ણય લેવાશે. વીવર્સોએ અફવાઓથી દૂર રહી કોઈ ઉતાવળનો નિર્ણય ન લેવા અપીલ કરી છે.

# સુખડીને વિદાય, સ્કૂલ નાસ્તામાં હવે પોષણનો નવો સ્વાદ

**રાજ્યની** 32 હજારથી વધુ સ્કૂલોમાં મેનુ બદલાવથી 38.5 લાખ વિદ્યાર્થીને મળશે વૈવિધ્યસભર અને વધુ પૌષ્ટિક આહાર

**તમામ** સ્કૂલોને તાત્કાલિક અસરથી નવું શિડ્યુલ અમલમાં મૂકવા સૂચના

સુરતઃ સુરત સહિત સમગ્ર ગુજરાતમાં સરકારી સ્કૂલોના વિદ્યાર્થીઓ માટે મધ્યાહન ભોજન યોજનાના નાસ્તામાં મોટો ફેરફાર અમલમાં આવ્યો છે. અત્યાર સુધી બાળકો માટે સામાન્ય અને પરંપરાગત ગણાતી સુખડીને હવે મેનુમાંથી હટાવી દેવામાં આવી છે, જેના સ્થાને વધુ પૌષ્ટિક અને વૈવિધ્યસભર વાનગીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. 2024માં શરૂ થયેલી 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના'ને વધુ અસરકારક બનાવવા માટે શિક્ષણ વિભાગે આ નિર્ણય લીધો છે. આ બદલાવથી રાજ્યની 32,230 સરકારી સ્કૂલોમાં અભ્યાસ કરતાં આશરે 38.50 લાખ વિદ્યાર્થીઓના રોજિંદા આહારમાં ગુણવત્તા અને વિવિધતા વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. નવી ગાઈડલાઈન મુજબ હવે વિદ્યાર્થીઓને મગ ચાટ, વેજીટેબલ પૌવા, મિક્સ કઠોળ ચાટ અને વેજીટેબલ ઉપમા જેવી પ્રોટીન અને પોષક તત્ત્વોથી ભરપૂર વાનગીઓ આપવામાં આવશે. ખાસ કરીને કઠોળ અને શાકભાજી આધારિત આહારને પ્રાથમિકતા આપીને બાળકોના આરોગ્યમાં સુધારો લાવવા પર ભાર મૂકાયો છે. શિક્ષણ વિભાગે તમામ સ્કૂલોને તાત્કાલિક અસરથી નવું શિડ્યુલ અમલમાં મૂકવા સૂચના આપી છે.

**અઠવાડિયાનો નવો નાસ્તા શિડ્યુલ**

| | |
|---|---|
| સોમવાર | મગ ચાટ |
| મંગળવાર | વેજીટેબલ પૌવા |
| બુધવાર | મિક્સ કઠોળ ચાટ |
| ગુરુવાર | શ્રી અન્ન મિલેટ સુખડી |
| શુક્રવાર | વેજીટેબલ ઉપમા |
| શનિવાર | વેજીટેબલ |

હવે પોતે જ ફર્મનો માલિક છે' કહી 1.88 કરોડ ખંખેરી લીધા હતા

# પેઢીના માલિક પાગલ થઈ ગયા છે કહી મેનેજરે છેતરપિંડી કરી

**જુઠાણું** ચલાવી મેનેજરે ઉઘરાણીના પૈસા પોતાના મળતિયાઓના ખાતામાં જમા કરાવી ઉચાપત કરી હતી

**આત્મહત્યા** કરી ખોટા કેસમાં ફસાવી દેવાની પણ બીક બતાવી

સુરતઃ સારોલી વિસ્તારમાં આવેલી 'કુબેરજી ડેક ટેક્સટાઈલ માર્કેટ'માં કાપડની પેઢી ધરાવતા વૃદ્ધ વેપારી સાથે વિશ્વાસઘાત કરી કરોડો રૂપિયાની ઉચાપત કરનાર મેનેજરની પોલીસે ધરપકડ કરી છે.

ઉધના-મગદલ્લા રોડ પર રહેતા 60 વર્ષીય પવનકુમાર જૈસનસરીયાએ ગત 20 જાન્યુઆરીના રોજ સારોલી પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની પેઢી 'પવનસુત પ્રિન્ટ્સ'માં માર્ચ 2023થી વિનોદ મદનલાલ અગ્રવાલ (કંદોઈ) (રહે. શ્યામ હાઈટ્સ, ગોડાદરા, મુળ. રાજસ્થાન)મેનેજર તરીકે નોકરી કરતો હતો.

આરોપી વિનોદ મૂળ રાજસ્થાનના ચુરુ જિલ્લાનો વતની છે અને વેપારીનો વિશ્વાસ જીતીને પેઢીના તમામ આર્થિક વ્યવહારો સંભાળતો હતો.

તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીએ એપ્રિલ 2023થી જૂન 2025 દરમિયાન પેઢીના 35 જેટલા વેપારીઓ પાસેથી મળેલા પેમેન્ટના નાણાં માલિકની જાણ બહાર પોતાના અંગત અને અન્ય મળતિયાઓના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. જ્યારે પવનકુમારે બાકી નીકળતા રૂપિયા 1,88,71,288 નો હિસાબ માંગ્યો, ત્યારે આરોપીએ ઉડાવ જવાબો આપ્યા હતા. એટલું જ નહીં, આરોપીએ અન્ય વેપારીઓને એવું ખોટું પણ જણાવ્યું હતું કે પેઢીના માલિક પાગલ થઈ ગયા છે અને હવે પોતે જ ફર્મનો માલિક છે, જેથી પેમેન્ટ તેના આપેલા ખાતામાં જ જમા કરાવવું.

જ્યારે માલિકે કડક ઉઘરાણી કરી ત્યારે આરોપી વિનોદ અગ્રવાલે ગાળાગાળી કરી કોઈ પોલીસવાળો મારો વાળ વાંકો કરી શકે તેમ નથી તેવી ધમકી આપી હતી અને બાદમાં આત્મહત્યા કરી ખોટા કેસમાં ફસાવી દેવાની પણ બીક બતાવી હતી. આ મામલે સારોલી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી, જેમાં બાતમી આધારે ગત 28મીના રોજ મેનેજરને પકડી પાડવામાં આવ્યો છે.

## પુણામાં પતિના વિરહમાં રહેતી વૃદ્ધ પત્નીએ ફાંસો ખાધો

સુરતઃ પુણાગામમાં પતિના વિરહમાં રહેતી વૃદ્ધ પત્નીએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ અમરેલી રાજુલાના વતની જયાબેન આનંદભાઈ વાણિયા (71 વર્ષ) હાલ પુણાગામ રાધાસ્વામી સોસાયટીમાં એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતી હતી. ત્રણ વર્ષ પહેલા તેમના પતિનું બિમારીમાં અવસાન થયા બાદ તેઓ સતત તણાવમાં રહેતા હતા અને ગુસ્સા વાળા સ્વભાવના પણ થઈ ગયા હતા. શનિવારે બપોરે તેમણે બારીની ગ્રિલ સાથે સાડી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પતિના વિરહમાં તેમણે આપઘાત કર્યો હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં આપઘાતના કિસ્સાઓ વધી રહ્યાં છે જો કે, આ કિસ્સામાં વૃદ્ધાએ આપઘાત કર્યો છે જે ગંભીર ગણી શકાય તેમ છે.

## અનુસંધાન

... પાના છેલ્લાનું

### સુરતમાં મેટ્રો...

જે ત્રણ કોચ તાજેતરમાં લાવવામાં આવ્યા હતા તે એન્જિન સાથેના ત્રણ કોચનો આજે અનપેક કરવામાં આવ્યા હતા અને બાદમાં મેટ્રોના ડ્રીમસિટીના ડેપોમાં રેમ્પ પરથી આ ત્રણેય કોચને મેઈન ટ્રેક પર લાવવામાં આવ્યા હતા અને ટેસ્ટિંગ કરાયું હતું, જે સફળ થયું હતું.

### હાલમાં જે...

મેટ્રો ટ્રેન માટેના કોચ હજુ આવ્યા જ નથી. આ કોચ ઓરેન્જ કલરના હશે અને તેનું ઈન્ટિરિયર પણ સુરતની ઐતિહાસિકતા દર્શાવતું હશે.

### ટ્રાયલ રન...

એન્જિન જોડાયેલું હતું. આ ટ્રેક પર ઇલેક્ટ્રિફિકેશનની કામગીરી કરવામાં આવી છે પરંતુ તેને ઈલે. સપ્લાય જોડવામાં આવ્યો નથી. જેને કારણે ઈલે. એન્જિનથી ટ્રાયલ શક્ય નહોતું. આ કારણે ડીઝલ એન્જિન અને કોચથી આજે ટ્રાયલ રન કરાયું હતું. આગામી દિવસોમાં જ્યારે મેટ્રો ટ્રેન દોડશે ત્યારે ઈલેક્ટ્રિક એન્જિનનો ઉપયોગ કરવામાં આવશે.